૪૦ / ૮૫૦૦

# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા
## સત્સંગ શિક્ષણ પરીક્ષા
## સત્સંગ પ્રવેશ : પ્રશ્નપત્ર - ૨

બપોરે ૨ થી ૪:૧૫] (રવિવાર, ૯ જુલાઈ, ૨૦૦૦) [કુલ ગુણ : ૭૫

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

**(વિભાગ - ૧ કિશોર સત્સંગ પ્રવેશ)**

**પ્ર.૧. નીચેનામાંથી કોઈપણ બે અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** ૬

૧. ‘આજે તમારી વાતોથી મહારાજનું સ્વરૂપ સમજાયું.’
૨. ‘બીજું પણ કોઈ મરી ગયું હોય તો કહી દેજો. ભેગાભેગું નાહી નાખીએ.’
૩. ‘મારે સંસારમાં રહેવું નથી, આપની ભક્તિ કરવી છે.’

**પ્ર.૨. નીચેનામાંથી કોઈપણ એક વિષે ટૂંકનોંધ લખો. (પંદરેક લીટીમાં)** ૫

૧. પુષ્પદોલોત્સવ.
૨. ભૂજનાં લાધીબાઈ.
૩. નેનપુરના દેવજી ભગત.

**પ્ર.૩. નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** ૬

૧. શિક્ષાપત્રી પાળે તેને શ્રીજીમહારાજે કયું વરદાન આપ્યું છે ?
૨. શીતળદાસને દીક્ષા આપી મહારાજે શું નામ પાડ્યું ?
૩. મહારાજે કાશીદાસને કયો વર આપ્યો હતો ?
૪. મહારાજે જાલમસિંહબાપુના શું વખાણ કર્યા ?
૫. સચ્ચિદાનંદ સ્વામીને કોણે કોણે પાણી પાયું ?
૬. શ્રીજીમહારાજે રાજી થઈને દુબળી ભટ્ટને શું આપ્યું હતું ?

**પ્ર.૪. નીચે આપેલી ‘સ્વામીની વાત’ પૂરી કરી તેનું વિવરણ લખો.** ૬

ભગવાને કહ્યું છે જે......

**અથવા**

સત્સંગ થાય પણ સંગ વિના.....





**પ્ર.૫. નીચેનામાંથી કોઈપણ ચાર કીર્તન/અષ્ટક/શ્લોકની ખૂટતી કડીઓ પૂરી કરો.** ૮

૧. સદૈવ સારંગપુરસ્ય .................................. નમામિ ॥
૨. સર્વધર્માન્ ............................................ મા શુચઃ ॥
૩. વલ્કલ વસ્ત્ર ધરી .................................. પ્રેમ થકી પૂજતા હો.
૪. હિંસા ન કરની ...................................... ન કોઈકું લગાત.
૫. યજ્ઞપુરુષમાં .......................................... રોમે રોમ ભરી.
૬. પરમ કૃપાળુ .......................................... જગત સે ન્યારી.

**(વિભાગ - ૨ શાસ્ત્રીજી મહારાજ)**

**પ્ર.૬. નીચેનામાંથી કોઈપણ બે અવતરણ કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** ૬

૧. ‘જ્ઞાનીને અનંત લોચન હોય છે. તેથી હું તો આંગળીએ દેખું છું.’
૨. ‘આવ્યો ને ! બહુ રાહ જોવરાવી !’
૩. ‘સારંગપુરમાં મંદિર કરો તો ઠાકોર સાહેબને કહીને જમીન અપાવું.’
૪. ‘તમારો સંકલ્પ સિદ્ધ થશે અને અહીં વિદ્યાનું મોટું કેન્દ્ર થશે.’

**પ્ર.૭. નીચેનામાંથી કોઈપણ એક વિષય પર ટૂંકનોંધ લખો. (પંદરેક લીટીમાં)** ૫

૧. અજાતશત્રુ.
૨. ડુંગરભાઈની નિર્ભયતા.
૩. ભગતજી : પરમ એકાંતિક સત્પુરુષ.

**પ્ર.૮. નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** ૬

૧. ડુંગર ભક્તને કઈ સાલમાં, કોની પાસે ભણવા બેસાડ્યા ?
૨. શાસ્ત્રીજી મહારાજે નડિયાદમાં કોને, કયું વચનામૃત સમજાવ્યું ?
૩. શાસ્ત્રીજી મહારાજે દાજીભાઈ સાથે ભગતજી મહારાજ માટે શું ભેટ મોકલાવી ?
૪. વરતાલમાં પૂનમની સભામાં કયા ભક્તે જય બોલાવી ?
૫. વહેલી સવારે કઈ નદીમાં સ્નાન કરતાં ડુંગરભાઈને મૂર્છા આવી ગઈ ?
૬. સુવર્ણ જયંતીએ ભગતજી મહારાજે ઉચ્ચારેલા કયા શબ્દો સાચા પડ્યા ?

**પ્ર.૯. નીચેનામાંથી કોઈપણ બે વિષે મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં)** ૮

૧. ગુણાતીત સમાધિસ્થાનમાં મંદિર.
૨. ‘ગુણાતીત માટે મુંડાવ્યું છે.’
૩. બોચાસણમાં હીરામુખીનું પરિવર્તન.
૪. નારાયણસ્વરૂપદાસજીને સંસ્થાના પ્રમુખ પદે

**પ્ર.૧૦. નીચેનાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો.** **૪**

૧. શાસ્ત્રીજી મહારાજને .............................. એ ભાગવતી દીક્ષા આપી.

૨. યોગીજી મહારાજ શાસ્ત્રીજી મહારાજને સૌ પ્રથમ .............................. માં મળ્યા.

૩. આશીમાં શાસ્ત્રીજી મહારાજનાં ચરણોમાં .............................. ભગતને અડસઠ તીરથની પ્રતીતિ થઈ.

૪. ગુરુહરિનો પ્રથમવાર જયંતી મહોત્સવ .............................. માં ધામધૂમપૂર્વક ઉજવાયો.

**(વિભાગ - ૩ 'સત્સંગ પ્રારંભ' પરીક્ષાનાં પુસ્તકોને આધારે)**

**પ્ર.૧૧. નીચે આપેલ બધા વિષયો પર વિસ્તૃત નોંધ લખો.** **૧૫**

૧. પાણી ઉપર ચાલ્યા.

**અથવા**

એકાદશી મહિમા

૨. હું તો સેવક છું.

**અથવા**

યોગીજી મહારાજની પરાભક્તિ.

૩. સામત પટેલ

**અથવા**

ભાલની બીબડી.

✿ ✿ ✿